(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ઘરડી બનેલી ટપાલ પેટી

એક જમાનો હતો જયારે આ ઘરડી બની ગયેલ ટપાલ પેટીની મુલાકાત દિવસમાં અનેક લોકો લેતા હતા. સામાન્ય વ્યકિતથી લઈને મોટા લોકો પણ પોતાનો સંદેશ મોકલાવવા માટે સહારો લેતા હતા. એમ કહેવાય કે ત્યારે આ પેટીના જવાનીના દિવસો હતા. અત્યારે ઈ-મેઈલ, વોટસએપ જેવા ઈલેકટ્રોનીકસ ઉપકરણોના લીધે આ પેટીની આસપાસ ચકલુંયે ફરકતું નથી. કાળની થપાટે આ ઘરડી બની ગયેલ ટપાલ પેટીને દોરી, ઈંટો અને પત્થરના સહારે જીવન ટકાવી રાખવું પડે છે ત્યારે સવાલ એ પણ થાય કે પોસ્ટ ઓફિસના બિલકુલ દરવાજા પાસેની આ ટપાલ પેટી પર અધિકારીઓની પણ નજર નહિ પડતી હોય અને જો પડતી હોય તો કેમ પગલા નહિં ભરતા હોય?

ધોળાકુવામાં કિશોરીની હત્યાના પાંચેય શકમંદો નાર્કોટેસ્ટ કરાવવા પણ તૈયાર

માતા સહિત પાંચેય શકમંદના થયેલા એસ.ડી.એસ. ટેસ્ટ પણ નોર્મલ આવતા હત્યાનું રહસ્ય ઘેરું બન્યું : હત્યા કરીને કિશોરીને કોથળામાં બાંધીને ફેંકી દેવાઈ હતી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ગામની ૧૬ વર્ષની કિશોરીની હત્યા કરી નાંખી તેણીની લાશ કોથળા બાંધી દઈને ગામની સીમમાં ઝાડીઓમાં ફેંકી દેવાયેલી હાલતમાં મળી આવી હતી. આ ચકચારી હત્યા કેશના રહસ્ય પરથી હજુ પડદો ઉઠ્યો નથી. પોલીસને જે-જે પાંચેય વ્યકિતઓ પણ શંકા હતી તે પાંચેયના એસ.ડી.એસ ટેસ્ટ એફ.એસ.એલ ખાતે કરાયા હતા. તમામના રીપોર્ટ નીલ આવ્યા છે. તો બીજી તરફ આ પાંચેય શકમંદો પોતાની નિર્દોષતા પુરવાર કરવા નાર્કો ટેસ્ટ કરાવવા પણ તૈયાર છે. હત્યાનું કોકડું વધુ ગૂંચવાયું છે. નિર્દયતાથી માત્ર ૧૬ વર્ષની કિશોરીની હત્યા કોણે કરી તેના પોલીસને હજુ સુધી કોઈ પુરાવા જ નથી મળતા.

ધોળાકુવા ગામની ૧૬ વર્ષની કિશોરી પડોશીના ઘરે ટી.વી જોવા જવાનું કહીને નીકળી અને ત્યાંથી ગાયબ થઈ ગઈ હતી. મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવાર આખું તેણીની શોધખોળ માટે નીકળી પડ્યું હતું. કિશોરી ગુંથાઈ ગયાની વાત ધીમે ધીમે ગામમાં -સરી જતા આખું ગામ શોધખોળમાં લાગી ગયું હતું. રાતભર કરેલી શોધખોળ બાદ પણ તેણીના કોઈ સગડ મળ્યા ન હતા. દરમિયાન બીજા દિવસે વહેલી સવારે ગામની સીમમાં ઝાડીઓમાંથી ગુમ થયેલી કિશોરીનો કોથળામાં બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ રહસ્યમય હત્યા -કરણમાં પહેલેથી જ ગામની જ કોઈ નજીકની વ્યકિત સંડોવાયેલી હોવાની શંકા પોલીસને હતી. તેને આધારે મૃતકની માતા સહીત પાંચ વ્યકિતના પોલીસે એસ.ડી.એસ ટેસ્ટ કરાવ્યા પરંતુ રીપોર્ટ નોર્મલ આવ્યા હતા. તો બીજી તરફ શકમંદ પાંચેય વ્યકિતઓ નાર્કો ટેસ્ટ કરાવવા પણ મંજુર છે. હવે આ રહસ્યમય હત્યા કેશમાં હત્યારાનું પગેરું પોલીસ ક્યારે મેળવી શકે છે તે જોવું રહ્યું.

સેક્ટર-૭માં પ્રેમી-પંખીડાઓ અને અસામાજિક તત્ત્વોનો અડ્ડો : રહીશો ત્રાહિમામ

શૈક્ષણિક સંકુલ અને રહેણાંક વિસ્તાર નજીક જ દુષણો પાંગરતા ભદ્ર સમાજના સભ્યોનું મ્હોં વંકાયું : વિદ્યાર્થીઓ ઉપર માઠી અસર : એન્ટી રોમિયો સ્કવોર્ડ પણ નિષ્ક્રિય

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં સ્થિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ બહાર અસામાજિક તત્વો અડ્ડો જમાવીને બેસતા હોવાનો આકોશ આમ નાગરીકોમાં -બળ બન્યો છે. બીજી તરફ શહેરના જાહેર બગીચાઓ અને રહેણાંક વિસ્તાર નજીક પણ હવે આવા તત્વોની અણછાજતી હરકતોના લીધે શિક્ષિત સમાજ પર માઠી અસર વર્તાઈ રહી છે. બીજી તરફ શાળાની સીડીઓ ચડતા વિદ્યાર્થીઓના માનસ પર પણ વિપરીત અસર થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સે.૭ માં શૈક્ષણિક સંકુલ નજીક રહેણાંક વિસ્તાર પાસે જ આવા તત્વોએ અડ્ડો જમાવતા રહીશોમાં ઘેરી ચિંતા -વર્તી છે. આવા સંજોગોમાં એન્ટી રોમિયો સ્કવોડ પણ ઘણા સમયથી નિષ્ક્રિય હાલતમાં છે. જેના કારણે ેમી પંખીડાઓ અને લુખ્ખાતત્વો પણ બિન્દાસ્ત બન્યા છે.

શહેરમાં જાહેર સ્થળો પર કઢંગી હાલતમાં બેસતા કોલેજીયન યુવક-યુવતીઓના લીધે નગરની સાંસ્કૃતિક ઓળખને ઠેસ પહોંચી રહી છે. બીજી તરફ જાહેરમાં બિન્દાસ્ત બનતા આવા તત્વોના લીધે ભાવી પેઢી ઉપર પણ વિપરીત અસર થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી શહેરના બગીચાઓ અને શૈક્ષણિક સંકુલો આસપાસ અસામાજિક તત્વો અને ેમી પંખીડાઓ નો અડ્ડો જોવા મળી રહ્યો છે. થોડા સમય અગાઉ નગરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કમાં પણ ેમી યુગલો કઢંગી હાલતમાં બેસતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે બગીચાઓની સાથે શાળા-કોલેજો બહાર પણ હવે આ બદીઓ પાંગરતી જતી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સે.૭ માં સ્થિત શૈક્ષણિક સંકુલ અને રહેણાંક વિસ્તાર પાસે છેલ્લા કેટલાક સમયથી લુખ્ખાતત્વોએ અડ્ડો જમાવ્યો છે. યુવતીઓની સરેઆમ શાબ્દિક છેડતી કરતા આવા તત્વોના લીધે સેક્ટરનું કલ્ચર ડહોળાયુ છે. શાળા અને રહેણાંક પાસે જ અસામાજિક તત્વોએ અડીંગો જમાવતા સેક્ટરની શેરીઓમાં પણ દુષણો -વેશી રહ્યા છે. આ સ્થિતીણે લઈ સેક્ટરના રહીશો અને માર્ગ પરથી પસાર થતા વડીલોએ પણ ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડે છે. જીલ્લા પોલીસ તંત્ર દ્વારા છાકટા બનતા નબીરાઓ અને રોમિયોગીરીણે ડામવા શરુ કરાયેલી એન્ટી રોમિયો સ્કવોડ પણ ઘણા સમયથી મૂર્છિત અવસ્થામાં છે. જેના પરિણામે અસામાજિક તત્વો વધુ બિન્દાસ્ત બન્યા છે. પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવી આવા તત્વોને ડામવા જોઈએ તેવી -બળ માંગ રહીશોએ કરી છે.

એસ.ટી. ડેપોમાં ૨૪ ડ્રાઈવરોની ઘટ નવા ૨૧ કંડક્ટર્સની ફાળવણી થઈ

ટૂંક સમયમાં જ ડ્રાઈવરની ભરતી પ્રક્રિયા પણ હાથ ધરાશે : વિવિધ ડેપોમાં ૬૦૦થી વધુ ડ્રાઈવરની ભરતી થશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર એસ.ટી ડેપોમાં હવે ડ્રાઈવરની ઘટ નિવારવા ટૂંકમાં ભરતી -ક્રિયા હાથ ધરાશે. હાલ ડેપોમાં ૨૫૧ ડ્રાઈવરોની જરૂરિયાત સામે ૨૪ ની ઘટ છે. સેન્ટ્રલ ઓફીસ કક્ષાએથી ટૂંકમાં ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. થોડા સમય અગાઉ પણ કંડકટરની ઘટનો -હલ કરવા ડેપોને ૨૧ કંડકટરની ફાળવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર એસ.ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. થોડા સમય અગાઉ ડેપોમાં સી.સી.ટી.વી કેમેરા ફીટ કરવામાં આવ્યા હતા અને વીજળી બચાવવા સોલાર પેનલ સિસ્ટમ પણ લગાવવામાં આવી હતી. આ ઉપરાંત ઓછા મેન પાવર વચ્ચે અસરકારક કામગીરી થઈ શકે તે માટે ડેપોની વહીવટી કામગીરીમાં ઝડપ લાવવા નવા કોમ્પ્યુટર પણ મૂકી દેવાયા છે. બીજી તરફ એસ.ટી ડેપો ની બસોનું સંચાલન ઝડપી અને અસરકારક થાય તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે ડેપોમાં લાંબા સમયથી ડ્રાઈવર-કંડકટરની ઘટનોઁ - નિવારવા પણ એસ.ટી નિગમની સેન્ટ્રલ ઓફીસ કક્ષાએથી -યાસો શરુ કરી દેવાયા છે. ચુંટણી પૂર્વે હાથ ધરાયેલી કંડકટરની ભરતી -ક્રિયા અન્વયે ગાંધીનગર ડેપોને ૨૧ કંડકટરની ફાળવણી કરવામાં આવી હતી. જેના પરિણામે હાલ ૨૨૯ની જરૂરિયાત સામે ૭ કંડકટરની જ ઘટ -વર્તી રહી છે. સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર એસ.ટી ડેપોમાં ૨૫૧ ડ્રાઈવરની જરૂરિયાત છે. જેની સામે ૨૪ ની ઘટ છે. જો કે આ ઘટનોઁ પણ ટૂંકમાં હલ થશે. એસ.ટી નિગમ દ્વારા ટૂંક સમયમાં જ ૬૦૦ જેટલા ડ્રાઈવરોની ભરતી કરવામાં આવનાર છે. જેના પરિણામે ગાંધીનગર એસ.ટી.ડેપો ણે પણ બાકી રહેતા ડ્રાઈવરોની ફાળવણી થશે.

ગાંધીનગર જિલ્લામાં ફરનાર ૭ કૃષિરથોને રાંધેજાથી પ્રસ્થાન કરાવતા રજનીભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૪ અંતર્ગત જિલ્લાની

૯૫ તાલુકા પંચાયત સીટમાં ફરનાર ૭ કૃષિરથોને આજરોજ ગૃહ રાજય મંત્રી અને જિલ્લા સહ -ભારી મંત્રી શ્રી રજનીભાઈ પટેલના હસ્તે લીલી ઝંડી આપીને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધજો ગામ ખાતેથી -સ્થાન કરાવવામાં આવ્યા હતા. મંત્રી શ્રી રજનીભાઈ પટેલના હસ્તે નાના અને સિમાંત ખેડૂતો માટેની માર્ગદર્શિકા પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોમાં ખેતી -ત્યે જે નિરાશા વ્યાપી રહી હતી તે દૂર કરવા અને રાજયના ખેડૂતો -ગતિ કરે તેવા ઉમદા આશયથી રાજયના પૂર્વ મુખ્ય મંત્રી અને દેશના વડા -ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૦૫માં સમગ્ર રાજયમાં કૃષિ મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો.

વધુમાં તેઓશ્રીએ પાણીનું મહત્વ સમજવીને ઉપસ્થિત સર્વે ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન પધ્ધતિને અપનાવવા માટે ભાર પૂર્વક જણાવ્યું હતું. તેમજ ડ્રીપ ઈરીગેશન ક્ષેત્રે સરકારની વિવિધ યોજનાઓની પણ

વિસ્તૃત વાત કરી હતી. સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતોને કંઈ રીતે ઉપયોગી થાય છે તેની દષ્ટાંત પુર્વક વાત કરી હતી. ખેતી સંલગ્નઅને ખેતીમાં આવતા રોગોમાં કયાં -કારની દવા કેટલી વાપરવી જોઈએ, તેની માહિતી મેળવવા માટે કૃષિ તજજ્ઞોનો સંપર્ક કરવા પણ જણાવ્યું હતું. તેમણે પરંપરાગત ખેતી તરફથી આધુનિક ખેતી તરફ જવા માટે કૃષિરથનો ઉપયોગ કરવા જિલ્લાના સર્વ ખેડૂતોને આહૂવાન કર્યું હતું.

આ -સંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને કૃષિ મહોત્સવ શરૂ કરવા પાછળના ઉમદા આશયની વાત કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકારની અનેક કૃષિ યોજનાઓની જાણકારી કૃષિ મહોત્સવ થકી નાના અને સિમાંત ખેડૂતોને આપવામાં આવી રહી છે. તે ઉપરાંત ખેડૂતોને બિયારણ, ખાતર અંગેની તળપદી માર્ગદર્શન પણ ખેડૂતોને કૃષિ મહોત્સવ થકી મળી રહ્યું છે. કૃષિ મહોત્સવ દરમ્યાન જિલ્લામાં ૬૯૯૬ કિટ્સનું વિતરણ કરવામાં આવશે. તે ઉપરાંત તેમણે કિસાન અને સરકાર વચ્ચે સેતુ રૂપ બનનાર આઈ કિસાન પોર્ટલની વિસ્તૃત જાણકારી આપી હતી. કિસાન ક્રેડિટ કાર્ડ તથા સોઈલ હેલ્થ કાર્ડની મહત્તા સમજવી હતી.

ઈન્ચાર્જ ખેતી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ૭૭.૪૩ ટકા ખેડૂતો નાના અને સિમાંત ખેડૂતો છે. જેથી તેઓ અધતન મશીનરીનો ઉપયોગ કરી શકતા નથી આવા ખેડૂતોને તેમના પશુપાલન, ખાતર, બિયારણ અને કૃષિ સંલગ્ન માહિતી એક જ પુસ્તિકામાંથી મળી રહે તેવા ઉમદા આશયથી આ માર્ગદર્શિકા -સિધ્ધ કરવામાં આવી છે.

આ -સંગે નાયબ ખેતી નિયામક (તાલીમ) શ્રી કે.ટી.પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના આભારવિધી જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે કરી હતી.

કૃષિરથ -સ્થાન સમારંભમાં ખાદી ગ્રામાધોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, એસ.ટી નિગમના ડિરેકટર કે. સી. પટેલ, જિલ્લા ભાજપ -મુખ નનૈશ શાહ, ગાંધીનગર શહેર ભાજપ -મુખ નિતીનભાઈ પટેલ, સરદાર પટેલ સિંચાઈ યોજનાના ચેરમેન ગણેશભાઈ ચૌધરી, આત્મા -નેજેકેટના શ્રી રમેશભાઈ પટેલ, ગાંધીનગર -ંત અધિકારી સુધીરભાઈ પટેલ, ડી.જી.મોદી, નાયબ બાગયત નિયામક જે. બી. પટેલ કે. કે. પટેલ સહિત ખેડૂત ભાઈબહેનો ઉપસ્થિત રહયાં હતાં.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
R.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઉ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)
: સ્ક્રીન-૨ :
કૌચયયાન ૩-ડી: ૧૨.૩૦
એક્સ મેન : ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૩-ડી ગોડજીલા : ૫.૧૫
: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન ૨-ડી (હિન્દી): ૩.૩૦, ૫.૪૫, ૧૦.૧૫
કૌચયયાન ૨-ડી (તમિલ) : ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન : ૩.૩૦
હીરોપંતી : ૬.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫,૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કોચયયાન ૩ડી (હિન્દી):૯.૩૦,૩.૦૦,૫.૩૦,૧૦.૫૫
ગોડજીલા (૩-ડી) : ૧૨.૦૦
એક્સ-મેન : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૧૦, ૬.૧૫, ૯.૨૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
કૌચદયાન : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫,૧૦.૧૫
કૌચદયાન : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
કૌચયયાન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હીરોપંતી : ૭.૩૦

આપની આજ

મેષ : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું.

વૃષભ : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે,

મિથુન : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

કર્ક : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

સિંહ : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટે.

કન્યા : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

વૃશ્ચિક : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

ધન : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

મકર : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કુંભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

મીન : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

ચિરવિદાય

- સ્વ. બાલુબા નવુજી ચાવડા (ઉ.વ. ૮૨) બ્લોક નં. ૧૧૨/૩, જ-ટાઈપ, સેક્ટર-૨૦, ગાંધીનગર
- સ્વ. ઠાકરસિંહજી મોતીજી ઠાકોર (ઉ.વ. ૫૫) મુ. આમજા, તા.કલોલ, જી. ગાંધીનગર.